ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર
એ.એન.સી.ડી. વિભાગ
સર મંગળસિંહજી રોડ, કાળાનાળા રોડ
E-mail-vetofficerbmc@gmail.com

Azadi Ka Amrit Mahotsav

એ.એન.સી.ડી.જા.નં- ૩૧૩ તા- ૧૬/૧૦/૨૩

**દફતરી હુકમ**

વિષય :- એ.એન.સી.ડી.વિભાગ ખાતે સુકો ઘાસચારો સપ્લાય કરતી એજન્સી " એડવાન્સ માર્કેટીંગ" મુ.ટાકોડી, તા.ચાણસ્મા, જી.પાટણને બ્લેકલીસ્ટ(કાળી યાદી)માં મુકવા બાબત.

સંદર્ભ :- ૧. ભાવનગર મહાનગરાપાલિકા ઇ-ટેન્ડર નોટીસ નં.૩/૨૦૨૨-૨૩/એ.એન.સી.ડી./બીએમસી
૨. વર્ક ઓર્ડર- એ.એન.સી.ડી.જા.નં.૪૬૯, તા.૧૩/03/૨૦૨3
૩. બેદરકારી બદલ આપવામાં આવેલ નોટીસ એ.એન.સી.ડી.જા.નં.૧૧૭,તા.૨૨/૦૬/૨૦૨૩
૪. એડવાન્સ માર્કેટીંગના તા.૨૬/૦૮/૨૦૨૩ ના ખુલાસા પત્ર
૫. નોટીસ એ.એન.સી.ડી.જા.નં.૨૩૪, તા.૦૨/૦૯/૨૦૨૩
૬. એડવાન્સ માર્કેટીંગના તા.૦૮/૦૯/૨૦૨૩ ના ખુલાસા પત્ર
૭. એ.એન.સી.ડી.જા.નં.૨૮૮, તા.૦૪/૧૦/૨૦૨૩ ૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનવણી પત્ર
૮. એડવાન્સ માર્કેટીંગના રૂબરૂ રજુઆત તથા લેટરપેડ પર લેખિત રજુઆત તા.૧૦/૧૦/૨૦૨૩

ઉપરોકત વિષય અન્વયે સંદર્ભ-(૧) થી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ઘાસચારો સપ્લાય કરવા માટે ઓનલાઇન ટેન્ડર કરવામાં આવેલ જેમા સંદર્ભ-(૨) થી એડવાન્સ માર્કેટીંગ મુ.ટાકોડી, તા.ચાણસ્મા, જી.પાટણને સુકા ઘાસચારો સપ્લાય કરવા માટે વર્કઓર્ડર આપવામાં આવેલ હતો.

એડવાન્સ માર્કેટીંગ દ્વારા સુકો ઘાસચારો સપ્લાય કરવામાં આવેલ તેમા અનિયમીતતા જણાતા સંદર્ભ-(૩) તથા (૪) થી નોટીસ આપવામાં આવેલ. તે અનુસંધાને એડવાન્સ માર્કેટીંગ દ્વારા સંદર્ભ-(૪) તથા (૬) થી ખુલાસો રજુ કરવામાં આવેલ. સદરહુ ખુલાસો માન્ય રાખવા પાત્ર ન હોય સંદર્ભ-(૭) થી રૂબરૂ રજુઆત તથા સુનાવણી માટે બોલાવવામાં આવેલ તે અન્વયે એજન્સી દ્વારા સંદર્ભ-(૮) થી લેટરપેડમાં લેખિત ખુલાસો કરવામાં આવેલ હતો.

ઉપરોકત તમામ વિગતો ધ્યાને લેતા સુકા ઘાસચારો સપ્લાય કરતી એજન્સી એડવાન્સ માર્કેટીગ મુ.ટાકોડી, તા.ચાણસ્મા, જી.પાટણને દ્વારા સપ્લાય કરવામાં આવેલ સુકા ઘાસચારાની ગુણવતા જાળવવા નોટીસ આપવા છતાં સુધારો ન કરતા તેઓનો ખુલાસો માન્ય રાખવાપાત્ર નથી જેથી "ટેન્ડરની શરત નં.૨૯" મુજબ નબળી કામગીરી બદલ નોટીસ આપ્યા બાદ પણ સુધારો ન થતા "એગ્રીમેન્ટ" રદ કરી તેઓએ ભરેલ સીકયુરીટી ડીપોઝીટ (SD) જપ્ત કરી એડવાન્સ માર્કેટીંગ મુ.ટાકોડીને કાળીયાદી (Black List) માં મુકવા આથી હુકમ કરવામાં આવે છે તથા ભાવનગર મહાનગરપાલિકાની કોઇપણ કામગીરી કરવા ૨ વર્ષ માટે ગેરલાયક ઠેરવવામાં આવે છે.

ઉપરોકત મુજબ સબંધિત તમામ વિભાગોને અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

કમિશનર
મહાનગરપાલિકા
ભાવનગર

**નકલ રવાના જાણ તથા આનુષાંગિક કાર્યવાહી અર્થે :**

૧. એડવાન્સ માર્કેટીંગ મુ.ટાકોડી, તા.ચાણસ્મા, જી.પાટણ
૨. નાયબ કમિશનર(એ.)
૩. નાયબ કમિશનર(જી.)
૪. સીટી એન્જીનીયર
૫. ચીફ ઓડીટર
૬. ચીફ એકાઉન્ટન્ટ
૭. ઇ.ડી.પી.મેનેજર-વેબસાઇટ પર પ્રસિધ્ધ હેતુ કાર્યવાહી સારૂ.

શ્રી HDS
૧૬/૧૦/૨૦૨૩

કોમ્પ્યુટર વિભાગ
ઇન્વર્ડ નંબર....૧૮૦૧
તા..૧૬-૧૦-૨૩.